**આંક–૦૭**

**અમદાવાદ લેબરકોર્ટના મે. ન્યાયાધીશ શ્રી આર.એન.પટેલ સમક્ષ.**
**રેફરન્સ(ટી)નં–૧૫૯૬/૨૦૦૭**

**પ્રથમ પક્ષકાર :** ૧) **કેડીલા ફાર્માસ્યુટીકલસ લી.,**
હે.૧૩૮૯, ત્રાસદ રોડ, ધોળકા, જી.અમદાવાદ.

૨) **આસ્કમી લેબ.કોન સર્વિસીસ પ્રા.લી.,**
હે.એ–૩૫૫, ઘનશ્યામનગર, ઓપો.કોટરપુર વોટર વર્કસ, નોબલનગરની બાજુમાં, અમદાવાદ–૪૦

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** **રાણા અલ્કેશ લક્ષ્મણભાઈ,**
૮/૦.કેડીલા ફાર્માસ્યુટીકલ વર્કસ યુનિયન,
હે.૪૦૨, શીલ્પ–૨, સેલ્સ ઈન્ડીયા પાસે, ઈન્કમટેક્ષ,
આશ્રમ રોડ, અમદાવાદ.

**પ્રતિનિધિઓ :** પ્રથમ પક્ષકાર તરફે : શ્રી ચિરાગ આર.પટેલ.
બીજા પક્ષકાર તરફે: શ્રી પ્રશાંત મહારાજા.

**–:: એવોર્ડ ::–**

**૧.** સદર કામના બીજા પક્ષકાર કામદારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૬/૧૧/૨૦૦૭ ના હુકમ ક્રમાંક : કેએચ– એસએચ એમસી – આર – એજે/૫૦૯/૦૭/આઈ.ડી.આર/– થી મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ. ત્યારબાદ સરકારશ્રીના યોગ્ય ઓથોરીટીના વખતો વખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

**૨.** બીજા પક્ષકારે આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરી તેના પેરા–૧૩ માં બીજા પક્ષકારની વિરુધ્ધ કોઈપણ જાતના ગુના વગર તારીખ વગરનું સત્તા વગરના અધિકારીએ આપેલ ચાર્જશીટ અને એકતરફી ખાતાકીય તપાસ ગેરવ્યાજબી

ગેરકાયદેસરની ઠરાવીને તા.૩૦–૬–૦૭ ના રોજ તેઓને નોકરીમાંથી કીન્નાખોરીપૂર્વક બરતરફ કરવાનો હુકમ કરેલ છે તે ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનો ઠરાવી પ્રથમ પક્ષકાર નં.ર નાએ પ્રથમ પક્ષકાર નં.૧ ના કહેવાથી આપેલ ચાર્જશીટ અને તા.૩૦/૬/૨૦૦૭ ના રોજનો કિન્નાખોરીપુર્વકનો બરતરફીનોહુકમ ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનો હોઈ ખાતાકીય તપાસ અને બરતરફીનો હુકમ રદ કરવા અને બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ બરતરફ કર્યા તા.૩૦/૬/૨૦૦૭ થી સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર તેમજ તમામ લાભાલાભો સાથે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુક ફરમાવવા તથા રેફરન્સ ખર્ચના રુા.૧૫,૦૦૦/– પ્રથમ પક્ષકાર નં–૧ અને ર નાઓ પાસેથી વસુલ અપાવવાની દાદ માંગેલ છે.

**૩.** પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૫ થી તેમના વિધ્વાન વકીલશ્રીનું વકીલાતપત્ર રજુ કરવામાં આવેલ છે પરંતુ બીજા પક્ષકારના માંગણાના નિવેદનનો લેખીત જવાબ રજુ નહી કરતા બીજા પક્ષકાર તરફે આંક–૬ થી અરજી આપી પ્રથમ પક્ષકાર સંસ્થાનો જવાબનો હકક બંધ કરવા અરજ કરતા મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદર અરજી મંજુર કરેલ છે.

**૪.** ત્યારબાદ આ કામ પુરાવાના તબકકે આવતા બીજા પક્ષકાર તરફે હાજર રહી કોઈ લેખીત યા મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર તરફે પણ કોઈ પુરાવા રજુ કરવામાં નહી આવતા બન્ને પક્ષકારોનો પુરાવાનો હકક રોજકામમાં બંધ કરવામાં આવેલ. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલોના તબકકે હાજર રહેલા ન હોય તેઓનો દલીલોનો હકક બંધ કરી આ કામ હુકમ ઉપર મુલત્વી રહેલ.

**૫.** આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ :–**

**૧.** શું બીજા પક્ષકાર કામદાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે?

**૨.** શું હુકમ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

**નિર્ણયો:–**

**૧**. નકારમાં,

**૨.**આખરી હુકમ મુજબ.

**:નિર્ણયો અંગેના કારણો:**

**૭. મુદ્દા નં–૧ તથા ૨:–**

બીજા પક્ષકાર કામદારના કેસની હકીકત જોતા પ્રથમ પક્ષકાર નં.૨ નાએ પ્રથમ પક્ષકાર નં.૧ ના કહેવાથી આપેલ ચાર્જશીટ અને તા.૩૦/૬/૨૦૦૭ ના રોજનો કિન્નાખોરીપુર્વકનો બરતરફીનોહુકમ ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનો હોઈ ખાતાકીય તપાસ અને બરતરફીનો હુકમ રદ કરવા અને બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ બરતરફ કર્યા તા.૩૦/૬/૨૦૦૭ થી સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર તેમજ તમામ લાભાલાભો સાથે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ ફરમાવવા તથા રેફરન્સ ખર્ચના રુા.૧૫,૦૦૦/– પ્રથમ પક્ષકાર નં–૧ અને ૨ નાઓ પાસેથી વસુલ અપાવવાની દાદ માંગેલ છે.

**૮.** હાલના કામે કેસનું રેકર્ડ વંચાણે લેતા આ કામે બીજા પક્ષકાર કામદાર ધ્વારા માંગણાનું નિવેદન રજુ કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે જવાબ રજુ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર કામદારને તેમના માંગણાના નિવેદનને સમર્થન કરતા પુરાવાઓ રજુ કરવા માટેની યોગ્ય તક આપવા છતાં બીજા પક્ષકાર

કામદાર તરફે કોઈ સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ નથી કે કોઈ સાક્ષી પુરાવાઓ રજુ કરેલ નથી. આમ, બીજા પક્ષકાર કામદારે તેમના કેસની હકીકતો તેઓની સોગંદ ઉપરની જુબાની આપી પુરવાર કરવી જોઈએ, પરંતુ તેઓએ આવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામનું રેકર્ડ તથા મદદનીશ મજુર કમીશ્નરશ્રી રુબરુના કન્સીલીએશનના કાગળો વંચાણે લેતા બીજા પક્ષકાર કામદારના કેસને મદદરુપ કોઈ હકીકત બહાર આવેલ ન હોઈ પ્રથમ પક્ષકાર નં.૨ નાએ પ્રથમ પક્ષકાર નં.૧ ના કહેવાથી બીજા પક્ષકારને આપેલ ચાર્જશીટ અને તા.૩૦/૬/૨૦૦૭ ના રોજનો કિન્નાખોરીપુર્વકનો બરતરફીનો હુકમ ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનો હોઈ ખાતાકીય તપાસ અને બરતરફીનો હુકમ રદ બાતલ હોવાનું પુરવાર થતુ નથી. બીજા પક્ષકાર કામદાર તરફે તેમના માંગણાના નિવેદનને સમર્થનકર્તા કોઈ સોગંદ ઉપરની જુબાની રજુ કરી માંગણાના નિવેદનની હકીકતો પુરવાર કરેલ નથી. આમ, બીજા પક્ષકાર કામદાર તેમનો કેસ પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોય મુદા નં-૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં-૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરુ છું.

-: **હુ ક મ** :-

(૧) અરજદારનો રેફરન્સ (ટી) નંબર-૧૫૯૬/૨૦૦૭ નામંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ કેસના સંજોગો જોતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૩૦/૦૩/૨૦૧૯.
સ્થળ : અમદાવાદ.

(રાજુ નટવરલાલ પટેલ)
કોડ : જીજે૦૦૭૮૯
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

એચ.એન.પટેલ. પી.એ.